# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


નં. એસજીજીયું/પ્રવેશ/વિનયન/૨૦૧૭/ ૮૧૮૨

તા.03/0૬/૨૦૧૭

**પરિપત્ર નં.-૨૧૯**

## બી.એ.-પ્રથમ સેમેસ્ટર પ્રવેશ અંગે સુચના

**બાબત :** શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રથમ વર્ષ આર્ટસ ના પ્રથમ સેમેસ્ટરના વર્ગોમાં પ્રવેશ માટેની અમલમાં મૂક્વાની સૂચનાઓ/માર્ગદર્શક નિયમો અંગે :

શ્રીમાન

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર ઉપરોક્ત બાબતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ કૉલેજોના પ્રથમ વર્ષમાં સેમેસ્ટર-૧ માં પ્રવેશ આપવાની કામગીરી અંગે નીચે જણાવેલ સુચનાઓ અને આદેશોનું ચુસ્ત પાલન કરવા વિનંતી છે.

**(અ) પ્રવેશ અંગેની સુચનાઓ આર્ટસ ના અભ્યાસક્રમો માટે :-**

૧. માર્ચ-૨૦૧૭ ની ધો.-૧૨ ની પરીક્ષામાં પાસ થનાર અનામત અને બિન-અનામત બંને કક્ષાના વિધાર્થીઓને પ્રવેશપત્રો આપવાની,પરત સ્વીકારવાની અને મેરીટ યાદીઓ મુકવાની અને ફી લેવાની વ્યવસ્થા આ પરિપત્રમાં દર્શાવેલ સમય પત્રક મુજબ ફરજીયાત રીતે અમલમાં મૂકી કાર્યવાહી કરવાની રહેશે.

૨. આપની કોલેજમાં વિધાર્થીઓને જે કોર-ઈલેક્ટીવ (મુખ્ય વિષયો), સબ્જેકટ ઈલેક્ટીવ (ગૌણ વિષયો), ફાઉન્ડેશન અને સોફ્ટ સ્કીલ કોર્ષીસ આપવા માંગતા હોય તેની માહિતી આપની કોલેજોના નોટીસ બોર્ડ પર વિધાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકશો.

3. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં ગતવર્ષ ૨૦૧૬-૧૭માં જેટલા વર્ગો હતા, તેમાં વધારો કે ઘટાડો યુનિ. ની મંજુરી વગર કોઈપણ સંજોગોમાં કરી શકશે નહિ.

૪. (અ) આર્ટસ કોલેજોએ વિષયોની વિવિધતાને પ્રમાણે પ્રવેશ ફોર્મ પોતે છાપીને માત્ર રૂ.-૨૦ ની કિંમતે વિધાર્થીઓને આપવાના રહેશે.

(બ) ફોર્મની કિંમત રૂ -૨૦/- થી વધારે બ્રોશર-પેમ્પલેટના નામે, કે અન્ય સ્વરૂપે લઇ શકશે નહિ.

૫. (૧) ફોર્મ પરત લેતી વખતે વિધાર્થીને ફરજીયાત પહોંચ આપવાની રહેશે.

(૨) કોઈપણ સંજોગોમાં ફોર્મ પરત લેતી વખતે ઓરીજીનલ માર્કશીટ લેવાની **નથી. મેરીટ યાદી** મુજબ પ્રવેશ આપતી વખતે ઓરીજીનલ માર્કશીટ લઇ લેવી અને એનરોલમેન્ટ ફોર્મ ભરાયા પછી જ પરત કરવી. આ બાબતનો ચુસ્ત અમલ કરવો.

(૩) પ્રોફેશનલ કે વિશીષ્ટ ટ્રેનીંગ કોલેજોમાં જો ચાલુ વર્ષે કોઈ કોલેજ મંજુર થાય તેવા કિસ્સામાં જ પ્રવેશ રદ કરી શકશે.

(૪) એકવાર પ્રવેશ લીધા પછી અન્ય કૉલેજમાં પ્રવેશ આપવામાં આવશે નહિ. **આમ છતાં કોઈ** કૉલેજ પ્રવેશ આપશે તો તે વિધાર્થીના એનરોલમેન્ટ કરવામાં આવશે નહી.

૬. <u>ડીવીઝન દીઠ મહત્તમ સંખ્યા નીચે પ્રમાણે રહેશે :</u>

(અ) આર્ટસ માટે : ૧૩૦ (આર્ટસ) ઉપરાંત કૉલેજ દીઠ ૨ સીટો લશ્કરી અને અર્ધલશ્કરી દળોના કર્મચારીઓના બાળકો માટે ફાળવવાની રહેશે.

૭. દરેક કૉલેજ નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત કૉલેજના પ્રવેશ દ્વાર પાસે કરવી. (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)

(૧) ગત વર્ષના કટ ઓફ માર્ક્સ (એસ.સી/એસ.ટી/ઓ.બી.સી/ઓપન કેટેગરી પ્રમાણે)

(૨) મેરીટ યાદીમાં નામ આવતા ક્રમશઃ જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.

(૩) મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના **મેરીટ** ધરાવનાર કેટલા વિધાર્થી પ્રવેશ લે છે તેના પર આધાર રહેં છે.

(૪) અનેક કૉલેજમાં વિધાર્થી પ્રવેશ અરજીઓ જમા કરાવે છે. તેથી જરૂર કરતા વધારે **સંખ્યાની** યાદી મુકવામાં આવે છે. અને પરીણામે બધાને પ્રવેશ મળી શકશે તેમ માનવું નહિ.

(૫) ફી ભર્યા પછી સમાન વિદ્યાશાખામાં જવા માટે પ્રવેશ કોઈપણ સંજોગોમાં રદ થશે નહિ. ઓરીજીનલ ગુણપત્રક એનરોલમેન્ટ સુધી પરત મળશે નહી.

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001
389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code


(૬) માત્ર પ્રોફેશન- ટ્રેઈનીંગ કૉલેજોમાં જવા માટે જ જો ચાલુ વર્ષે કોઈ કૉલેજ મંજુર થાય તેવા કિસ્સામાં જ ગુણપત્રક પરત મળશે. ફી યુનિવર્સિટી નિયમો મુજબ પરત મળશે. આ માટે વિધાર્થીએ પુરાવો આપવાનો અપેક્ષિત છે.

(૭) મેરીટ યાદીઓ એક જ તારીખે તમામ કોલજોમાં સવારે ૦૮:૦૦ વાગ્યે મુકાશે. મેરીટ યાદી મુજબ ફી સ્વીકારવાનો સમય બી.એ. અભ્યાસક્રમમાં સવારની કોલેજમાં સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે. વિધાર્થીએ સમયસર હાજર રહેવું સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.

(૮) નિયત તારીખે ફી નહિ ભરનાર નો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહિ. આ બાબતે વાંધા-વિરોધ વિવાદ સાંભળવામાં આવશે નહિ.

(૯) પ્રવેશ માટે કોઈપણ એજન્ટ/મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવહાર કરવો નહિ.

(૧૦) નિયમાનુસાર ડીવીઝન દીઠ સંખ્યા ભરાઈ જતા પ્રવેશ બંધ થશે.

(૧૧) પોતાના પ્રાપ્ત ટકાને ધ્યાનમાં રાખ્યા સિવાય ઉચ્ચ ટકાવારીના કટ ઓફ પોઈન્ટ ધરાવનાર કૉલેજોમાં જ પ્રવેશ ફોર્મ ભરનારને પ્રવેશ ના મળે તો કૉલેજ કે યુનિ. ની કોઈ જવાબદારી રહેશે નહિ. આ માટેની રજૂઆત યુનિવર્સિટીમાં સાંભળવામાં આવશે નહિ.

(૧૨) **NRI** ક્વોટામાં વિધાર્થીને પ્રવેશ આપવા માટે કૉલેજ તરફથી યુનિવર્સિટીની પૂર્વ મંજુરી લેવાની રહેશે. યુનિવર્સિટીની મંજુરી સિવાય આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહિ.

૮. દરેક કૉલેજ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. તે માટે યુનિ.એ ઓબ્ઝર્વર નીમેલા છે અને મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહિ, અન્યથા તે પ્રવેશ રદ ગણાશે તથા તે વિધાર્થીનું એનરોલમેન્ટ થશે નહિ.

(૧) અનામત કક્ષાના વિધાર્થીઓને જાતિના પુરાવવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.

(૨) બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી ચાલુ નાણાકીય વર્ષનું નોન ક્રીમીલેયર સર્ટિફીકેટ વિદ્યાર્થીએ રજુ કરવું ફરજીયાત છે. એટલે કે માર્ચ-૨૦૧૭ પછીનું કે ગ્રાહ્ય રહી શકે તેવુ નોન ક્રીમીલેયર સર્ટિફીકેટ લાવવાનું રહેશે.

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001
389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code


(૩) પ્રવેશ શીડ્યુલમાં નક્કી કર્યા મુજબ ઓપન મેરીટની યાદીમાં, ગુણવતાના ધોરણે આવતા તમામ વિધાર્થીઓને સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિધાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે. ઓપન મેરીટમાં આવતા વિધાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો. તેમણે અનામત યાદીમાં સમાવવા નહિ. યુનિવર્સિટીની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલવાની રહેશે.

(૫) અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો પ્રવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં ભરવી નહિ કે ઓપન કરવી નહિ. અન્યથા આચાર્યશ્રીની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

(૬) અનામત જગ્યાઓની ટકાવારી — ડીવીઝન દીઠ

| | | |
|---|---|---|
| (અ) | અનુસુચિત જાતિ | ૭% |
| (બ) | અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (ડ) | મહિલા અનામત | સરકારશ્રીના નિયમ મુજબ |

(ઈ) વિકલાંગ .................... ૩% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૪૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૫૧% રહેશે.

Special Provision for Concession for the wards of Kashmir migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.
(ii) Increase in intake capacity up to 5% course-wise.
(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.
(iv) Waiving of domicile requirements.

૯. ગુણવતા યાદીઓ તૈયાર કરતી વખતે એક કરતા વધારે પ્રયત્ને પાસ થયેલા વિધાર્થીઓના દરેક વર્ષદીઠ/ટ્રાયલ દીઠ ૧૫ ગુણ કુલ ગુણમાંથી ઓછા કરી મેરીટ યાદીમાં સમાવવામાં આવશે. માર્ચ-૨૦૧૭ કે તે પહેલા પાસ થયેલા વિધાર્થીને કોલેજમાં ૨૦૧૭ ના પાસ થયેલા વિધાર્થીઓના મેરીટ સાથે જ યથાયોગ્ય ક્રમે પ્રવેશ આપવામાં આવશે.

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001
389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code


૧૦. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી બોર્ડમાંથી જે વિધાર્થીઓના પરિણામ મોડા જાહેર થયા હોય કે સુધારો કે વધારો થયો હોય તેવા વિધાર્થીઓના ફોર્મ કારણો સાથેની લેખિત અરજી લઇ મેરીટમાં આવતા હોય તે ક્રમ મુજબ અને જગ્યા ખાલી હોય તો પ્રવેશ આપવાનું રાખવું.

૧૧. એનરોલમેન્ટ પછી માર્કશીટ પરત કરતી વખતે કોલેજે "પ્રથમ સેમેસ્ટરમાં ..................કોલેજે" પ્રવેશ આપેલ છે તેવું એમ્બોસ સીલ કે સીક્કો તારીખ સાથે માર્કશીટ પાછળ લગાવી, આચાર્યશ્રીએ સહી કરી માર્કશીટ પરત કરવી.

૧૨. ગુજરાત એચ.એસ.સી. બોર્ડમાંથી પાસ થયેલા વિધાર્થીઓ સિવાયના વિધાર્થીઓને કોઈપણ સંજોગોમા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવીઝીનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ સિવાય પ્રવેશ આપવો નહિ.

૧૩. પ્રવેશ મેળવનાર વિધાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને એનરોલમેન્ટ માટે ત્રણ ફોટા અચૂક લેવા, અને પ્રથમ પ્રવેશકાર્ય પૂરું ન થાય ત્યાં સુધી ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવી નહિ, સદરહુ નિયમો ચુસ્તપણે અમલ કરવો, કોઈપણ સંજોગોમાં આ માટે વિધાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહિ, અન્ય વાણિજ્ય, વિનયન, બી.બી.એ. કોલેજમાં જવા માટે કોઈપણ સંજોગોમાં એન.ઓ.સી. આપવી નહિ.

૧૪. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો. એનરોલમેન્ટ ફોર્મ બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.

૧૫. નોટીસબોર્ડ પર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ /ઈ-મેઈલ (registrar@sggu.ac.in) દ્વારા શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. માં નીચે દર્શાવેલ પત્રકમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઈએ.

તારીખ...............પ્રવેશયાદીનં........................... કોલેજનું નામ.........................................

| ક્રમ | વિધાર્થીનું નામ | વિધાર્થીના પ્રાપ્ત ટકા |
|---|---|---|
| ૧ | ૨ | 3 |

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001
389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code


---

| કેટેગરી | એચ.એસ.સી. બેઠક નં./ માર્કશીટ નં. | રીમાર્ક જો હોય તો |
|---|---|---|
| ૪ | ૫. | ૬. |

૧૬. NRI ક્વોટાની યાદી ફરજીયાત રીતે નોટીસબોર્ડ પર જાહેર કરવી.

૧૭. અનામત કક્ષાના વિધાર્થીઓની જગ્યાઓ

(અ) ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતા પહેલા યુનિ.ની પૂર્વ મંજુરી લેવી ફરજીયાત છે.

(બ) દરેક કૉલેજ મેરીટયાદી : ૧-૨-.......... મુક્યા બાદ ફી લેવાના છેલ્લા દિવસ પછી એક દિવસ વધારાનો આગળની યાદીમાં વિધાર્થીઓને (ફી ભરવાનો/પ્રવેશ લેવાનો) આપવો. સાથે સાથે કેટલી જગ્યાઓ ખાલી છે તે નોટીસ બોર્ડ પર સ્પષ્ટ મુકવું. મેરીટ યાદીઓ ત્રણ થી ચાર જગ્યાએ મૂકવી, સિક્યોરિટીની પાકી વ્યવસ્થા કરવી, જેથી અવ્યવસ્થાને સ્થાન ના રહે.

૧૮. પ્રવેશ આપ્યા બાદ જો જગ્યાઓ ખાલી રહેતી હોયતો ઉપલબ્ધતાના આધારે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિસ્તારમાં થઈ છે. તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવો.

૧૯. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા નિયમો મુજબ થાય કે કેમ તે તપાસવા માટે ઓબ્ઝર્વર નીમવામાં આવશે. તેઓ કુલપતિશ્રીને સીધો રીપોર્ટ આપશે. તેઓ જે માહિતી માંગે તે કોલેજોએ આપવાની રહેશે.

૨૦. કૉલેજમાં વિધાર્થી/વિધાર્થીનીની રેગીંગ ન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે. જે વિધાર્થી રેગીંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ થશે. આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવો. આ સુચનાની માહિતી પ્રવેશ ફોર્મમાં આપવી અને તેમાં વાલીની સહી લેવી.

૨૧. પ્રવેશ અંગે ઉપરોક્ત સૂચનાઓનું પાલન કરવામાં આવે અને જયારે જરૂર જણાય ત્યારે યુનિવર્સિટી હવે પછી જે જે સૂચનાઓ આપે તેનો પણ ફેરફાર મુજબ અમલ ચુસ્તપણે કરવો. યુનિવર્સિટીનો આ અધિકાર અબાધિત રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001
389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code


## ફી સ્ટ્રક્ચર અંગે

૧. ગ્રાન્ટેબલ અને સેલ્ફ ફાયનાન્સ કોલેજો : ટ્યુશન ફી વર્ષ ૨૦૧૬-૧૭ અનુસાર રહેશે.

૨. ફી યુનિ.ના નિયમ પ્રમાણે ફરિજયાત લેવાની રહેશે. વધારે ફી લીધાની પુરાવા સાથેની લેખિત ફરિયાદ આવશે તો યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ બાબતની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. ડીપોઝીટના સ્વરૂપમાં પણ કોઈ ફી લઇ શકશે નહી.

૩. સ્વનિર્ભર કૉલેજોમાં મંજુર થયેલ નિયત સંખ્યા કરતા એકપણ વિધાર્થી વધારે લેવામાં આવશે તો આવા વિધાર્થીઓની એનરોલમેન્ટની જવાબદારી યુનિ.ની રહેશે નહિ.

૪. અલગ અલગ નામે કોઈ વધારાની ફી કે ડીપોઝીટ લઇ શકશે નહિ..

૫. ગ્રાન્ટેબલ કૉલેજોમાં જ્યાં કોમ્પ્યુટર વિષય ચાલે છે, ત્યાં યુનિ. ના નિયમ મુજબ આ માટે જે ફી નક્કી થઇ છે, તેના કરતા વધારે ફી લઇ શકશે નહિ. અન્યથા યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ કડક પગલા લેવામાં આવશે. યુનિ. માન્યતા વગર કોમ્પ્યુટર વર્ગો ચલાવી શકશે નહી.

૬. સ્ટડી મટીરીયલ, લેબોરેટરી ફી કે અન્ય કોઈપણ નામે યુનિવર્સિટીના ધારાધોરણોથી વિરુદ્ધ વધારે ફી લેવાશે તો કૉલેજની માન્યતા રદ થશે. આ માટે યુનિ.ની કોઈ જવાબદારી રહેશે નહી.

૭. તમામ કોલેજોએ સેમેસ્ટરદીઠ જ ફી લેવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આખા વર્ષની ફી લઇ શકશે નહી.

૮. ૬૨ વર્ષથી ઉપરના કોઇને પણ ડાયરેક્ટર, ઇન્ચાર્જ ડાયરેક્ટર તરીકે કોઈપણ સ્વનિર્ભર સંસ્થામાં ચાલુ રાખી શકશે નહી.

૯. સ્વનિર્ભર આર્ટસ કૉલેજો યુનિ.ની એફિલીએટેડ કૉલેજ હોઈ, ગ્રાન્ટેબલ કોલેજો માટે સ્ટાફ, વર્કલોડનું જે મહેકમ છે તે લાગુ પડે છે. તેથી જરૂરી ક્લાર્ક, ગ્રંથપાલ, સ્પોર્ટ્સ ટીચર વગેરે ગ્રાન્ટેબલ ધોરણે ફરજીયાત નીમવાના રહેશે. અન્યથા યુનિ. માન્યતા રદ કરવા સુધીના પગલા અચૂક લેશે. તમામ સ્ટાફને સરકારશ્રીના/યુનિ.ના ધારા-ધોરણો મુજબ ફરજીયાત રીતે પૂરો પગાર આપવાનો છે.

૧૦. જે સ્વનિર્ભર કોલેજોમાં સ્ટાફ ઓછો હશે તેમની ઇન્ટેક કેપેસીટી ઓછી કરવામાં આવશે તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટની રહેશે.

૧૧. આર્ટસની ક્રમાનુસાર તમામ પ્રવેશ યાદીઓ યુનિવર્સિટીને મોકલવાની ફરજીયાત છે.

૧૨. પ્રવેશનું સમયપત્રક આર્ટસમાં એકસાથે જ અમલમાં મૂકવાનું છે. કટ ઓફ માર્ક્સ દર્શાવતો ચાર્ટ નોટીસ બોર્ડ પર અચૂક મૂકવો.

૧૩. યુનિવર્સીટી દ્વારા નિયત કરવામાં આવે ફી સ્ટ્રક્ચર સંલગ્ન કોલેજોને હવે પછી પરિપત્ર દ્વારા જણાવવામાં આવશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**


સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


**બી.એ. - શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં -ઓપન -અનામત**
**૨૦૧૭-૧૮ પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીઓના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક**

| ક્રમ | કાર્યવાહી | પ્રથમ વર્ષ બી.એ. |
|---|---|---|
| (૧) | કૉલેજો દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ ફોર્મનું વિતરણ | ૦૬/૦૬/૨૦૧૭ |
| (૨) | કૉલેજો દ્વારા પ્રવેશ ફોર્મ પરત સ્વીકારવા | ૦૬/૦૬/૨૦૧૭ થી ૨૦/૦૬/૨૦૧૭ |
| (૩) | ઓપન અને અનામત મેરીટ પ્રથમ યાદીની જાહેરાત | ૨૨/૦૬/૨૦૧૭ |
| (૪) | ઓપન અને અનામત પ્રથમ મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ | ૨૨/૦૬/૨૦૧૭ થી ૨૯/૦૬/૨૦૧૭ |
| (૫) | ઓપન અને અનામત મેરીટની બીજી યાદીની જાહેરાત | ૦૧/૦૭/૨૦૧૭ |
| (૬) | ઓપન અને અનામત દ્વિતીય મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ | ૦૧/૦૭/૨૦૧૭ થી ૦૫/૦૭/૨૦૧૭ |
| (૭) | જરૂર પડ્યે અનામત કેટેગરીની ખાલી સીટો માટે યુનિવર્સિટીની પૂર્વમંજુરી મેળવવી અને યુનિવર્સિટીની સુચના મુજબ આ સીટો ભરવી. | ૦૫/૦૭/૨૦૧૭ |
| (૮) | પ્રથમ વર્ષ સેમેસ્ટર-૧ નો શૈક્ષણિક પ્રારંભ | ૨૨/૦૬/૨૦૧૭ |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

**નકલ સાદર રવાના :**

૧. તમામ વિનયન વિધાશાખાની કોલેજના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર જાણ સારૂ.